
## જન્મદિને વધામણી


**નટવર હેડાઉ**
પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨


**સ્વામી સદાનંદ ભારતી**
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦


**મનોજ શુક્લ**
મંત્રી, સંસ્કૃતિ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯


**મેહુલ પટેલ**
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮


**કલ્પના સી મોદી**
ફોન : ૨૩૨૨૫૧૫૨


**આરૂષ કે પ્રજાપતિ**
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦


**કર્તવ્ય મહેશજી ઠાકોર**
મો. ૯૭૨૭૩ ૭૭૦૯૪

# શબ્દનો નાતો એ સર્વનો નાતો છે, શાશ્વત નાતો છે

ગાંધીનગર, તા. ૪



ગાંધીનગરનાં નિવૃત્ત શિક્ષક કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટનાં બાળકાવ્યો, લઘુલેખો અને ભજનોનાં ત્રણ પુસ્તકોનો વિમોચન સમારોહ સર્વ વિદ્યાલય પરિસરમાં ફાર્મસી હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. જાણીતા સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠક, ડૉ. વિદ્યુત જોષી, સતિષ વ્યાસ અને દલપત પઢિયારના હસ્તે આ ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સાહિત્ય પરિષદના પૂર્વ મંત્રી અને પાટનગરના પીઢ કવિ હરિકૃષ્ણ પાઠકે જણાવ્યું હતું કે બાળકાવ્યો કિંમતી મૂડી છે. બાળકોને સંસ્કાર અને સંસ્કૃતિની સમજ આપવી હશે તો બાળસાહિત્ય વિના ચાલવાનું નથી. બાળક માટે કાવ્ય લખવું એ અઘરામાં અઘરું કાર્ય છે. એના માટે બાળકની કલ્પના કેવી હોવી જોઈએ તેનો પણ ખ્યાલ રાખવો જોઈએ. સંતાનો માટે અંગ્રેજી માધ્યમના શિક્ષણની ઘેલછા રાખનારા વાલીઓ પર કટાક્ષ કરતાં તેમણે ઉમેર્યું હતું કે સારું અંગ્રેજી શીખવું હોય તો સારું ગુજરાતી પણ શીખવું પડશે.

ડૉ. વિદ્યુત જોશીએ લેખિકા કોકિલાબેનનાં સર્જનમાં ત્રણ વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઝીલાતું હોવાનું જણાવી તેઓની સર્જકતા ચાલુ રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

દલપત પઢિયારે જણાવ્યું હતું કે શબ્દનો નાતો એ સર્વનો નાતો છે, શાશ્વત નાતો છે. શબ્દ સાથેનું અનુસંધાન એ ઈશ્વર સાથેનું અનુસંધાન છે. લેખિકાનાં પુસ્તકો નાનાં પરંતુ ભાથું મોટું છે. જેમાં શિક્ષકની સજ્જતા અને હૃદયની સ્વસ્થતા કેળવાય છે. દલપતભાઈએ સ્વરચિત ગીત 'કેવી રે સગાયું અમને સાંભરે...'ની સુંદર રજૂઆત કરીને સૌને પ્રભાવિત કરી દીધાં હતાં. નાટ્યકાર સતિષ વ્યાસે હળવી શૈલીમાં વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે વાર્ધક્યને રઢિયાળ, રળિયામણું કરવું હોય તો લેખન પ્રવૃત્તિ કરવી જોઈએ. સૌરાષ્ટ્રની છાંટ સાથેના ગદ્ય-પદ્ય લખાણમાં લેખિકાના જીવનના અનુભવોનો સરસ નિચોડ છે એમ તેમણે ઉમેર્યું હતું. મનોજ શુક્લ દ્વારા ત્રણેય પુસ્તકોનો પરિચય પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. લેખિકાના પતિ જયપ્રકાશ ભટ્ટે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ પુસ્તકો ઉપસ્થિત સૌને વિનામૂલ્યે આપવામાં આવશે. તેમણે આ પુસ્તકો સૌને એકવાર વાંચવા માટે ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. કોકિલાબેનો પોતાના પ્રતિભાવમાં સૌ સહભાગી શુભેચ્છકો, સમાજના સભ્યો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રા. મહેન્દ્ર ભટ્ટ દ્વારા મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. પ્રા. પલ્લવી ઓઝા ભટ્ટ દ્વારા સ્વાગત પ્રવચન અને પ્રા. પાર્થ જોશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવૃત્ત માહિતી અધિકારી, સાહિત્યકાર અને નાટ્યકાર પ્રકાશ લાલા, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ ભરત કવિ, વર્તમાન ઉપાધ્યક્ષ સંજય થોરાત, શિવરંજની સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ, કારોબારી સભ્યો, કલાગુર્જરીના ઉપપ્રમુખ જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, કારોબારી સભ્યો અને કલરવ સંસ્થાના વર્ષાબેન પારેખ સહિત વિવિધ સંસ્થાના સભ્યો, હોદ્દેદારો અને લેખિકાના પરિવારજન ઉમાબેન ભટ્ટ, જુસિકાના વડીલ સભ્ય કૌશિકભાઈ ભટ્ટ, અમદાવાદ હાટકેશ્વર વિદ્યોત્તેજક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, યુવાપ્રજ્ઞા સંસ્થાના હોદ્દેદારો, પ્રશ્નોરા નાગર સમાજના પ્રતિનિધિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે થેલેસેમિયા ચેક-અપ કૅમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૪


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા તાજેતરમાં કૉલેજ ખાતે થેલેસેમિયા ચેક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટીના સહકારથી આયોજિત આ ચેક-અપ કૅમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા પ્રતિવર્ષ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ચેક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવે છે, આ ક્રમમાં આ વખતે પણ આ કૅમ્પ યોજવામાં આવ્યો હતો, જેનો લાભ ૩૩૭ જેટલા વિદ્યાર્થીઓએ લીધો હતો. રિપોર્ટ બાદ વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગનો નિર્ણય પણ જાહેર કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જૈમિન પટેલ, કુલદીપ રથવી, પિન્કલ પટેલ, વિપુલ સિંધવ, ભવદીપ વાળા, યુનિક પટેલ, હરેશ કાદરી, પ્રવીણ ચાવડા, હાર્દિક રથવી, યુવરાજ પાવરા, આરતી પટેલ, ઋચિ પટેલ, પ્રિયંકા બાબરીયા, જાનકી પટેલ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો.

આ સફળ અને પ્રેરણાદાયી ઉપક્રમ બદલ આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સમગ્ર કૉલેજ પરિવાર વતી ઍનઍસૅસ યુનિટને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# આજે બપોરે આંબેડકર હૉલમાં 'ન.મો.ની લીલા' નાટક ભજવાશે




### સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત, કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શત નાટક પ્રેક્ષકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્માણ પામેલું કૉમેડી નાટક 'નમોની લીલા' શુક્રવારે બપોરે ગાંધીનગરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે ભજવાઈ રહ્યું છે.

શુક્રવાર, તા. ૫ જાન્યુઆરીના રોજ બપોરે ૩થી ૬ કલાક દરમિયાન આ નાટકનું મંચન ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત આ કૉમેડી નાટકમાં ગાયત્રી પંચાલ, હાર્દિકા શુક્લ, મૌન સાધુ, સાબિર મલેક, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી અને નાટ્યરસિક પ્રેક્ષકો નિઃશુલ્કપણે આ નાટકનો લાભ લઈ શકે છે, એમ જણાવતાં આયોજકો દ્વારા સૌ નાટ્યરસિકોને સપરિવાર, મિત્રમંડળ સહિત આ નાટક માણવા માટે પધારવા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ભાડજ મંદિર દ્વારા નૂતન વર્ષની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૪

દરેક માણસની ઈચ્છા હોય છે કે નૂતનવર્ષ શરૂ થતા દિવસ પહેલાની સાંજ તેમના માટે યાદગાર રહે. આ માટે થતી દરેક પાર્ટીઓમાં લોકોને ચોકક્સથી કાં તો ભોજન, સંગીત, ડાન્સ, રમતો, હસીમજાક કે ફકત આનંદ જ મળતો હોય છે ત્યારે હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે નૂતનવર્ષની ઉજવણી એક નવારૂપમાં કરવામાં આવી. લોકોએ કંઈક એવો અનુભવ કર્યો કે જે અલગ જ હતો. જેમ જેમ નવા વર્ષની પળો નજીક આવી રહી હતી તેમ તેમ ચૌતરફનું વાતાવરણ ભગવાન શ્રી શ્રી રાધામાધવના નાદ સાથે ગુંજી રહ્યુ હતું. મંદિરનો વિશાળ હોલ સ્ટેજના શણગાર અને જબરદસ્ત લાઈટીંગથી જગમગી ઉઠતા મંદિરનુ વાતાવરણ આત્મીયમય બન્યું હતું.




નૂત્તનવર્ષને આવકારવા યોજાયેલ કાર્યક્રમની શરૂઆત ધાર્મિક વિષયવસ્તુને આવરી લેતી રમતગમત અને હરે કૃષ્ણ મંત્ર કિર્તન દ્વારા થઈ હતી. પરિવારો, મિત્રો, ભક્તો અને આશ્રયદાતા વગેરે મળીને આશરે દશ હજાર જેટલા લોકો કે જેઓએ વર્ષ ૨૦૧૮ની શરૂઆત એક અનોખી રીતે કરવાના ધ્યેય સાથે સૌ ઉજવણીમાં હાજર રહ્યા હતા. લોકોનું સમૂહ મંદિર રચિત ગેમ્સ, જેમાં આત્મા ચૌયાસી લાખ યોનીમાં પસાર થાય છે એ પાયા પર આયોજન કરવામાં આવેલ મ્યુઝીકલ ચૈર રમત પ્રત્યે ખૂજ ઉત્સુકતા દાખવી હતી. રમતના વિજેતાઓને ઈનામનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. સૌને ભક્તો દ્વારા નિરૂપાયેલ જીવંતરૂપી નૃત્યને શાંતિથી જોવા અને માણવાનો લાહવો મળ્યો હતો. કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે સમી સાંજે મંદિરનાં ભક્તો દ્વારા 'ડેસ્ટીનેશન વૈકુંઠા' નાટક નિરૂપવામાં આવ્યું. શ્રીમદ્ ભાગવદમાં વર્ણવામાં આવેલ ભગવાન શ્રી કૃષ્ણની દિવ્ય લીલાઓનું જે. જી. કોલેજ ઓફ પર્ફોમીંગ આર્ટસ દ્વારા નૃત્ય નાટીકા પ્રસ્તુત કરવામાં આવ્યું અને કાર્યક્રમની પૂર્વસંધ્યાએ ઘણી જ આતુરતાથી રાહ જોવાઈ રહેલ મંદિરના રોક બેન્ડ દ્વારા રોક મ્યુઝીકના લય પર ભજન વગાડવામાં આવ્યા. પોતાના ઈતિહાસમાં સૌપ્રથમ વાર, હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા મોટા પાયે વિશિષ્ટ વાનગીઓ અને રેસેપી દ્વારા 'ફુડ ફેસ્ટિવલ' નું આયોજન કરવામાં આવ્યુ. ઘડિયાળના કાંટા જેમજેમ મધ્યરાત્રિની પળ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે મંદિરના યુવા ગ્રુપના સભ્યો દ્વારા હરે કૃષ્ણ મહામંત્રની ધૂનની તાલ અને લય સાથે સૌ ગુંજી અને ઝૂમી રહ્યા હતા. મધ્યરાત્રિએ આકાશમાં રંગબેરંગી ફટાકડાઓની વર્ષા થતાંની સાથે સૌ ભક્તોનાં હૃદય આનંદ, ઉલ્લાસ, ઉમંગ અને હરે કૃષ્ણ-મંત્ર કીર્તનના અનુભવ સાથે હર્ષાતિરેક થઈ ગયા હતા.

# બધા જ પરિવારોની બે મૂંઝવણ : બચત ક્યાં ? મૂકવી ક્યાં ?




ડિમોનીટાઈઝેશન બાદ ભારતના અર્થતંત્રમાં સુધારણા કેટલી થઈ તે કદાચ હવે જાણવા મળશે પરંતુ આર્થિક વ્યવહારોના ક્ષેત્રમાં ભારતની પ્રજા અતિ પરેશાન છે કેમ કે ડિજીટલ બેન્કિંગ થઈગયું છે ને એકપક્ષિય નિર્ણયો ઘરે કે ઓફિસમાં કામ કરનાર માણસને મોબાઈલથી મળતા જ રહે છે. બેન્કો પાસે સપ્ટેમ્બર-૧૬ પહેલાં થાપણોનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાની પણ મોટી સમસ્યા હતી અને ત્યારબાદ અચાનક નોટબંધીની જાહેરાત આવી, જેની અસરો પણ સૌએ લાંબો સમય અનુભવી.

પરંતુ એ નથી સમજાતું કે આટલો મોટો પ્રયાસ અને કવાયત કર્યા બાદ નક્કર લાભ શું પ્રાપ્ત થયો ? હા, એક મુશ્કેલી કાયમ થઈ ગઈ અને તે એ કે બેન્કો તરફથી ઘાતક અમલીકરણ. એ પછી લઘુત્તમ બેલેન્સ રાખવા માટે હોય કે પછી મહિનામાં કેટલી વાર બેન્કિંગ વ્યવહારો કરવા અંગે હોય - આ બધાં માટે કોઈ જનમત કે ચર્ચા નહીં, બધું આપોઆપ બસ શરૂ જ થઈ જાય તે અતિ નિંદનિય છે. પ્રજાને શા માટે ડિજીટલથી ડિલીટ કરવા સૌ તૈયાર થયા છે એ સમજાતું નથી.

મોંઘવારી અને મર્યાદિત આવકવાળા પાસે બચત જ પેદા થઈ શકતી નથી. મધ્યમ વર્ગ અને તેનાથી નિમ્ન તબક્કાના વર્ગ પાસે પોતીકું આર્થિક આયોજન જ રહ્યું નથી. જાવકના માર્ગો વધતા જ જાય છે. આવક તો મર્યાદિત છે. આ સ્થિતિમાં નેવુ ટકાથી વધુ પરિવારોના ઘર લોનથીચાલે છે. નવી પેઢીને કરાર આધારિત જ જૉબ છે જેનો પગાર પણ કોઈને કહેતાં શરમ આવે તેવો છે. ત્યાં બચત અંગે વિચારવાનું પણ ગંભીર લાગે છે ! દરેક ગુજરાતી અખબારોમાં સરકારની જૉબ માટેની જે જાહેરાતો સપ્તાહમાં એકવાર પ્રસિદ્ધ થાય છે તે વાંચીને મન ગ્લાનિથી ભરાઈ જાય છે, આ કઈ રીતનો વહીવટ છે ?



અગિયાર માસનો કરાર અને વેતન પંદર હજાર. અને તોય લાયકાત ઊંચામાં ઊંચી મગાતી હોય. હવે માબાપ સંતાનોને ઈજનેર, સીએ કે ડૉક્ટર શા માટે બનાવે ? આ પ્રકારના મામૂલી પગાર માટે ? બીજું, બચતવૃત્તિ અને બચતશક્તિની હત્યા જ થઈ રહી છે છતાં કોઈક જીવનની મરણમૂડી જાવળવવા માગે તો મોટી સમસ્યા એ છે કે બચત ક્યાં મૂકવી ? બચત ઉપરનું વળતર પ્રતિદિન ઓછું થઈ રહ્યું છે અને બચતની નાણાકીય સલામતી બાબતે લોકો ભાર મુંઝવણ અનુભવી રહ્યા છે. બચત થતી નથી અને થાય તો ક્યાં રાખવી એ બે સમસ્યાથી પ્રજાને ભારે સવાલ થઈ ગયા છે. હવે આ સ્થિતિમાં સરકારી બેન્કો વ્યાજ દર ઘટાડવા લાગી છે કેમ કે લિક્વિડીટી વધી ગઈ છે, વ્યાજનું ભારણ નોટબંધી બાદ વધી ગયું એટલે પ્રજા ઉપર નવા નવા ભારરૂપ નિયમોનો બોજ લાદવામાં આવી રહ્યો છે તે ઉચિત નથી. શિક્ષણ માટેની લોન ખૂબ જ લેવામાં આવી રહી છે પરંતુ આ લોનની વસૂલાત ભણ્યા બાદ વિદ્યાર્થી પોતાની આવકમાંથી કરી શકતો નથી એ બાબતની નોંધ લેવી પડે તેમ છે. માબાપ લોન ભરતા હોય એ દૃશ્ય સર્વત્ર જોવા મળે છે અને બેન્કોનું ભાવિ એનપીએ પણ આ ક્ષેત્રમાં વધી જવાનું છે. જૉબ ક્રિએશન સાથે સુસંગત શિક્ષણ ઢાંચો બનાવી શકાયો નથી, માટે આ સમસ્યા છે.

બચત કરવાનું મન બધાંને છે પણ મન મુજબ દુનિયા કે મોંઘવારી ચાલતા નથી એટલે બને છે એવું કે ઉમદાની આશામાં માણસ જ વહેલો ઉકલી જાય છે, પણ પ્રશ્નો પડ્યા રહે છે. આર્થિક સુખ ના હોય તો મન સુખનો અહેસાસ કરી શકે તેમ નથી અને નાણાં વિનાના માનવીની સમાજમાં કોઈ કિંમત નથી. માણસના ગુણોથી શું મળે એવું બધાં વિચારતા થઈ ગયાં છે તેથી સભ્ય સમાજમાં અસભ્ય ગણાતી બધી જ ઘટનાઓ બની રહી છે. બચતને પ્રોત્સાહન મળે અને લોકોનો બેન્કો પરત્વે વિશ્વાસ વધે એ પ્રકારનાં પગલાઓની ખૂબ જ જરૂરિયાત ઊભી થઈ છે. બેન્કો પ્રજાને લૂંટવા લાગે તે ઈષ્ટ નથી. ભારતીય બેન્કોનું મોટું કાર્યક્ષેત્ર ગ્રામીણ વિસ્તારનું છે. તેથી લોકોને સરળતા, સલામતી અને સક્ષમતા પ્રાપ્ત થાય એ તદ્દન જરૂરી બન્યું છે. લોકો ડિજીટલથવા તૈયાર છે પરંતુ એમને ડેકોઈટી પસંદ નથી. વધુ પડતા નીતિ-નિયમોથી પ્રજાની પરેશાની વધારવી એ ઉમદા આયોજન નથી. સરકારની વાતોમાં જે શ્રદ્ધા છે તે મજબૂત કરવાની છે.

**શેર આસ્વાદ**

મૈં કડી ધૂપ મેં ચલતા હું
ઈસ યકીન કે સાથ
મૈં જલૂંગા તો
મેરે ઘર મેં ઉજાલે હોંગે

# પાંચમીથી અમદાવાદ શહેર ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું આયોજન

### આ મેળામાં 'અર્વાચીન ગામડા'નું નિર્માણ થશે, જેમાં આજના યુગની બધી જ આધુનિક સુવિધાઓ જેમ કે - એટીએમ, સૌર પેનલ વગેરે હશે

ગાંધીનગર, તા. ૪

તા.૫થી તા.૮ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ શહેરમાં ચાર દિવસીય 'હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળા'નું આયોજન ગુજરાત યુનિવર્સિટી મેદાન, હેલ્મેટ સર્કલ પાસે અમદાવાદ ખાતે યોજાશે. આ મેળામાં 'અર્વાચીન ગામડા'નું નિર્માણ થશે. જેમાં આજના યુગની બધી જ આધુનિક સુવિધાઓ જેમ કે - એટીએમ, સૌર પેનલ વગેરે હશે. તેમાં એક મંદિર પણ છે, જ્યાં વિવિધ વય જૂથની મહિલાઓ ભજન ગાઈ શકશે. તેમાં માટીના ઘડા બનાવવા, એમ્બ્રોઈડરી જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકાશે. જીવનમાં ગામડું ન જોયું હોય તેવી વર્તમાન યુવા પેઢીને ગામડા સાથે જોડવામાં આ 'અર્વાચીન ગામડા'ની થીમ મદદરૂપ થશે..

ઉલ્લેખનીય છે કે મંગળવારે આ મેળાના ભાગરૂપે હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે સેન્ટ્રલ હોલમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ મેળાના આયોજનમાં ગુજરાત યુનિવર્સિટી નોલેજ પાર્ટનર છે ત્યારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં યુવાનો અને શિક્ષકોમાં મેળા અંગે જાગૃતિ લાવવાનો આ કાર્યક્રમનો આશય હતો. જેમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાના મુખ્ય સચિવ અશોક રાવલે મુખ્ય વકતા તરીકે યુવાનોને સંબોધન કર્યુ હતું. અશોક રાવલે જણાવ્યું હતું કે, 'હિન્દુત્વ એ જીવન જીવવાની પદ્ધતિ છે તેવા સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને આ સંસ્થાની સ્થાપના થઈ છે. પ્રખ્યાત એસ. ગુરુમૂર્તિએ ચેન્નઈમાં આ સંસ્થાની સ્થાપના કરી હતી. ત્યારથી ૧૧ રાજ્યોમાં આ સંસ્થાના ૨૦ મેળા યોજાઈ ગયા છે. ગુજરાતમાં ૨૫મા મેળાનું આયોજન થઈ રહ્યું છે.